સુણજો મારા નાથ, જોડુ છું બે હાથ, દોરી તારે હાથ, અંતે કોઈ નહિ સંગાથ

**રાજ્યમાં વધુ ૫૧૪ નવા કેસ : અમદાવાદમાં ૩૨૭ : ગાંધીનગરમાં ૧૫**

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૭ | ૧૬ જુન, ૨૦૨૦, મંગળવાર; જેઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યમાં પેટ્રોલ-ડિઝલમાં બે રૂપિયાનો વધારો

ગાંધીનગર, તા. ૧૫

સરકાર સંચાલિત ઓઈલ કંપનીઓએ સોમવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ચાલુ રાખ્યો હતો. પેટ્રોલના ભાવમાં ૪૮ પૈસા અને ડીઝલના ભાવમાં ૫૯ પૈસાનો વધારો કરાયો છે. આ સતત ૯મો ભાવ વધારો છે. આ સાથે ગુજરાત સરકારે પણ પેટ્રોલ અને ડીઝલમાં રૂપિયા બેનો વધારો લાગુ કરતાં અમદાવાદ સહિત રાજ્યભરમાં ઈંધણના ભાવ ભડકે બળશે. અમદાવાદમાં સોમવારે પેટ્રોલનો ભાવ ૭૨.૦૧ રૂપિયા હતો તે વધીને હવે પંચોતેર સુધી પહોંચી જશે. જ્યારે ડીઝલનો ભાવ સોમવારે રૂપિયા ૭૦.૨૫ હતો

**મહામારીની મંદીમાં મધ્યમવર્ગને મોંઘવારીનો વધુ એક ફટકો**

તે વધીને ૭૩ની નજીક પહોંચી જશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, સોમવાર મધરાત્રિથી રાજ્યમાં આ વધારો લાગુ થશે. કોરોનાની મહામારીને કારણે ગુજરાત સરકારની આવકમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડ સુધીનો ઘટાડો થઈ રહ્યો છે. નીતિન પટેલે એમ પણ કહ્યું કે, હાલ પૂરતો કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંનો નિર્ણય મોકૂફ રખાયો છે. રાજ્ય સરકારે ખેડૂતોની લોન મુદતમાં વધારો કર્યો છે. આ સાથે જ રાજ્ય સરકારે મંત્રીઓ અને ધારાસભ્યોના પગારમાં ૩૦ ટકાનો કાપ મૂક્યો છે. ઓઈલ કંપનીઓએ રવિવારે પણ પેટ્રોલના ભાવમાં ૬૨ પૈસા અને ડીઝલના મુલ્યમાં ૬૪પૈસાનો વધારો કર્યો હતો. ગયા રવિવારથી ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવાનું શરુ કર્યું હતું તે સળંગ નવમા દિવસ સુધી જારી રખાયું છે. આ પહેલાં લોકડાઉનના ગાળામાં અને તે પૂર્વે ૮૨

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાં ભારતીય ઉચ્ચાયોગના બે અધિકારી લાપતા

**હાઇ કમિશનના બંને અધિકારીઓના મોબાઇલ પણ બંધ, અનેક તર્કવિતર્ક, આ અગાઉ ભારતે જાસૂસી બદલ બે પાક.અધિકારીઓને પકડીને દેશ નિકાલ કર્યા હતા, ઇસ્લામાબાદમાં ઘરેથી ઓફિસ જવા નિકળ્યા બાદ બંન્ને ઓફિસર લાપતા, ગુમ અધિકારીઓ મામલે બંન્ને દેશો વચ્ચે મંત્રણાઓ શરૂ**

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતને વારંવાર હેરાન-પરેશાન કરનાર પડોશી દેશ પાકિસ્તાનમાં ભારતીય હાઈકમિશનના બે મહત્વના અધિકારીઓ આજે સવારથી ગુમ થતાં ભારત સરકારમાં ભારે હલચલ મચી ગઈ હતી. અને નવી દિલ્હી ખાતે પાકિસ્તાન એલચી કચેરીના સત્તાવાળાઓનું તરત જ ધ્યાન દોરીને તેમને શોધી કાઢવા ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે ભારત સરકારે નવી દિલ્હીમાં પાકિસ્તાનના હાઈ કમીશનમાં ફરજ બજાવતા બે કર્મચારીઓને જાસુસી કરવાના આરોપસર પરત પાક. મોકલી આપ્યાના કદાજ કથિત સામસામે કાર્યવાહીના બદલારૂપે આ બે ઉચ્ચાધિકારીઓનો બનાવ બન્યો હોવાનું મનાઈ રહ્યું છે,

આ અંગેની વિગતમાં, પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં બે ભારતીય



અધિકારીઓ ગુમ થયા હોવાના એહવાલ પ્રાપ્ત થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાનમાં ભારતીય હાઈકમિશનના બે અધિકારી છેલ્લા બે કલાકથી ગુમ છે. તેમની શોધખોળ ચાલી રહી છે. આ સાથે જ આ મામલાને પાકિસ્તાનના જવાબદાર અધિકારીઓની સામે રજૂ કરવામાં આવ્યો છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના બે અધિકારીની ધરપકડ બાદ મુક્તિ

**હિટ એન્ડ રનના આરોપ તળે કાર્યવાહીનો દાવો : ઈસ્લામાબાદમાં બંને સીઆઈએસએફ અધિકારીઓને પીટીવી ચેનલ પર બતાવાયા : ભારતે પાક. પર દબાણ વધાર્યું**

નવી દિલ્હી, તા. ૧૫

પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ પોલીસે ભારતીય ઉચ્ચાયોગના બે અધિકારીની ધરપકડ કરી લીધી છે. બંને અધિકારીઓની હિટ એન્ડ રનની ઘટના સંબંધે અટકાયત કરાઈ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. બંનેએ એક રાહદારી પણ કાર ચડાવી દેવાની સાથે સ્થળ પરથી નાસી છુટ્યા હોવાનો પોલીસે આરોપ લગાવ્યો હતો. પાકિસ્તાની મિડિયાએ પોલીસ સુત્રોને ટાંકીને ઘટનાના

● અનુસંધાન પાન-૭ પર

# ..તો જૂનના અંત સુધીમાં કેસોની સંખ્યા ૫ લાખ પર પહોંચી જશે

**દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૫૦૨ પોઝિટિવ કેસ : ૩૨૫ના મોત**

**કોરોનાના કુલ કેસ વધીને ૩,૩૨,૪૨૪ થયા, જેમાંથી ૧૫૩૧૦૬ એક્ટિવ કેસ**

ન્યુ દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કર્યા પ્રમાણે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સોમવારે સવારે પૂરા થયેલા છેલ્લાં



૨૪ કલાક દરમ્યાન ફરીથી ૧૧ હજાર કરતાં વધુ કેસો બહાર આવ્યાં હતા. અને ૩૧૧ લોકોના મોત થયા હતા. . આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૩,૩૨,૪૨૪ થઈ ગઈ છે. આ પૈકી ૧ લાખ ૪૯ હજાર ૩૪૮ સક્રિય કેસ છે, ૧ લાખ ૬૨ હજાર ૩૭૯ લોકો સાજા થઈ ગયા છે. અને કુલ ૯,૧૯૫ લોકોના મોત થયા છે. તો બીજી બાજુ તમિલનાડુના ચાર જિલ્લા ચૈન્નાઈ, તિરુવલ્લુવર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુમાં ૧૯થી૩૦ જૂન સુધી લોકડાઉન લાગુ કરાયું છે.

સૂત્રોએ કહ્યું કે, દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કાળો અને વિકરાળ કેર સતત વધી રહ્યો છે. બે મહિનાના લોકડાઉન બાદ આપવામાં આવેલી છૂટછાટના પગલે કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. મંત્રાલયના આંકડા મુજબ સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૩૩૨૪૨૪ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૫૦૨ નવા કેસ સાથે કોરોનાનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે.

જોકે, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૧.૦૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૪૧૯ લોકો સ્વસ્થ્ય થયા છે.

## ભારતમાં નવેમ્બરના મધ્યમાં કોરોના કહેર વધુ વણસી શકે : ICMR

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતમાં કોવિડ ૧૯ મહામારી નવેમ્બર મધ્યમાં ચરમસીમાએ પહોંચી શકે છે. જે દરમિયાન 'આઈસીયુ બેડ' અને વેન્ટિલેટરની પણ અછત પડી શકે છે. એક અભ્યાસમાં આ દાવો કરાયો છે. અભ્યાસ મુજબ લોકડાઉનના કારણે કોવિડ ૧૯ મહામારી આઠ અઠવાડિયા મોડી પોતાની ચરમસીમાએ પહોંચશે. ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ દ્વાર રચાયેલા 'ઓપરેશન રિસર્ચ ગ્રુપ'ના રિસર્ચર્સે આ અભ્યાસ કર્યો છે. જેમાં કહેવાયું છે કે લોકડાઉને મહામારીને ચરમસીમાએ પહોંચવામાં ૩૪ દિવસથી આગળ વધારીને ૭૬ દિવસ કર્યા. અભ્યાસમાં એમ પણ કહેવાયું છે કે લોકડાઉને સંક્રમણના કેસોને ૬૯ ટકાથી ૯૭ ટકા સુધી ઓછા કર્યા, જેનાથી સ્વાસ્થ્ય પ્રણાલીને સંસાધન ભેગા કરવામાં અને માળખાગત સુવિધાને મજબુત કરવામાં મદદ મળી. લોકડાઉન બાદ જન સ્વાસ્થ્ય ઉપાયોને વધારવા અને તેના ૬૦ ટકા સફળ રહેવાની સ્થિતિમાં મહામારી નવેમ્બરના પહેલા અઠવાડિયા સુધીમાં પોતાની ચરમસીમાએ પહોંચી શકે છે. ત્યારબાદ ૫.૪ મહિના માટે આઈસોલેશન બેડ, ૪.૬ મહિના માટે આઈસીયુ બેડ અને ૩.૯ મહિના માટે વેન્ટિલેટર ઓછા પડી જશે.






## છેલ્લે... છેલ્લે...

- તમિલનાડુના ૪ જિલ્લામાં ૧૯મીથી લોકાડાઉન લાગુ
- કચ્છના જાણીતા કાર્ટુનિસ્ટ મદનસિંહ પરમારે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું.
- આરોગ્ય મંત્રાલયની નવી ગાઈડલાઈન મુજબ હવે કોરોના સંદિગ્ધનો મૃતદેહ પરિવારને સોંપાશે.
- જાહેર ક્ષેત્રની બેંકોનું ચાલુ વર્ષે ખાનગીકરણ નહીં કરાય.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૮૦૪૧૮૧૧ | ૪૩૬૬૦૩ | ૪૧૨૩૮૭૧ |
| ભારત | ૩૩૮૦૪૬ | ૯૬૬૯ | ૧૭૩૧૮૨ |
| ગુજરાત | ૨૪૧૦૪ | ૧૫૦૬ | ૧૬૬૭૨ |
| ગાંધીનગર | ૪૯૬ | ૨૬ | ૩૦૪ |